**ક્રિમીનલ કેસ નં. <u>૫૦/૨૦૨૫</u>**

**<u>-:: ઠરાવ ::-</u>**

(૧) ફરીયાદપક્ષનાં કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામનાં આરોપીએ ગેરકાયદેસરનો, પાસ પરમીટ વગરનો દારૂ પોતાનાં કબજા ભોગવટામાં રાખી ગુનો કરેલ છે. સદરહુ આરોપી પાસેથી દારૂનો મુદ્દામાલ મળી આવેલ છે. જે અંગે ફરિયાદીની ફરિયાદ ઉપરથી તપાસ કરનાર અમલદારે તપાસ કરી આરોપી વિરૂધ્ધ ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ-**૬૫ એ.એ.** મુજબનાં ગુના સબબનું ચાર્જશીટ અત્રેની અદાલતમાં રજૂ કરેલ છે.

(૨) ચાર્જશીટ રજૂ થતાં આજરોજ તે અંગેનાં સમન્સની આરોપીને ધોરણસર બજવણી થતા આરોપી કોર્ટમાં હાજર થતાં તેઓને વિનામૂલ્યે પોલીસ પેપર્સની નકલો પુરી પાડયા બાદ તેઓએ આજરોજ તેઓ ગુનો કબુલ કરવા માંગે છે તેવી પુરસીસ રજૂ કરતાં તેમની સામેનાં ગુનાનું તહોમતનામું વાંચી સંભળાવી, સમજાવતાં આરોપીએ પ્લીમાં ગુનાનો એકરાર કરેલ છે.

(૩) આરોપીએ તેઓની ગુના કબુલાત પુરસીસ આપી જણાવેલ છે કે, *''અમોને ગુનો કબુલ કરવો છે. અમો આરોપી ગરીબ વર્ગનાં અને બાળ બચ્ચાવાળા છીએ, અમારા ઉપર કુટુંબની સંપૂર્ણ જવાબદારી છે. અમારી આ પ્રથમ ભુલ છે. અમોને ગુનો કર્યાનો પસ્તાવો થાય છે અને તેથી કાયદામાં જણાવેલ મહત્તમ સજા ન કરી અમો ઉપર દયા કરવા આપ નામદાર કોર્ટને વિનંતી કરીએ છીએ''*

(૪) આરોપીને આ કાયદા હેઠળની સજાની સમજ કરવામાં આવેલ છે, તેમ છતાં તેઓ સ્વૈચ્છાએ ગુનો કબુલ કરવા માંગે છે અને તેથી ઉપરોકત હકીકતે આરોપીની સ્વૈચ્છિક કબુલાત નહી માનવાને કોઈ કારણ રહેતું નથી. કેસની હકીકત, ગુનાની ગંભીરતા, સજાની જોગવાઈ, આરોપીનાં આર્થિક સંજોગો તથા તેઓની સ્વૈચ્છિક કબુલાત ધ્યાને લેતાં તેમજ **નામદાર ગુજરાત હાઈકોર્ટે ગુજરાત રાજય વિ. નટવર હરીચંદ્રજી ઠાકોરનાં કેસમાં (૨૦૦૫ (૧), જી.એલ.આર. પાના નં.૭૦૯)** આપેલ સમજુતી મુજબ, આરોપીને કાયદામાં જણાવેલ સજા કરતાં ઓછી સજા કરવામાં આવે તો ન્યાયનો વિશાળ હેતુ જળવાય તેમ જણાય છે અને તે સંજોગોમાં ઓછી સજા કરવાનાં પુરતાં કારણો જણાતા નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-:: <u>હુકમ</u> ::-**

(અ) આ કામનાં આરોપી **શાહરૂખ હુસેનભાઈ કરમતી** રહે. **પાત્રા તા. માળીયા હાટીના** નાઓને ગુજરાત પ્રોહી. એકટની કલમ-**૬૫ એ.એ.** મુજબનાં ગુનાનાં કામે દોષિત ઠરાવી આરોપીને રૂ.૫૦૦/-દંડ તથા કોર્ટ ઉઠતા સુધીની સજા કરવામાં આવે છે અને જો આરોપી દંડ ન ભરે તો દિન-૦૭(સાત) ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

(બ) સદર કામનાં પ્રોહિબીટેડ મુદ્દામાલનો નિયમોનુસાર નાશ કરવો.

(ક) સદર કામે આ અગાઉ કોઈ મુદામાલ અંગે વચગાળાનો હુકમ કરવામાં આવેલ હોય તો તે આથી કાયમ રાખવામાં આવે છે. જો કોઈ વચગાળાનો હુકમ કરવામાં આવેલ ન હોય તો અપીલ સમય બાદ નિયમોનુસાર તેનો નિકાલ કરવો.

ઉપરોકત હુકમ આજ તારીખ ૧૪ મી માહે-માર્ચ સને ૨૦૨૬ ના રોજ **સ્પેશ્યલ સીટીંગમાં** ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ:- ૧૪/૦૩/૨૦૨૬
સ્થળ:- માળીયા હાટીના

**( બી. વી. ગોહિલ )**
મુખ્ય જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
માળીયા હાટીના, જી.જુનાગઢ
Judge Code : GJ-01456